सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૦૯–૦૨–૨૦૨૪ |
| રજી.લીધા તારીખ : | ૦૯–૦૨–૨૦૨૪ |
| ફેસલ થયા તારીખ: | ૦૪–૦૫–૨૦૨૬ |

---

ભિલોડાના મહે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા.

---

ક્રિ.કેસ નંબર–૧૭૯/૨૦૨૪
આંક : – ૪૬

ફરીયાદી:– શ્રીસરકાર
(ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૦૩૦૧/૨૦૨૩)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– (૧)જીતેન્દ્રભાઈ હકરાજી અસારી,ઉ.વ.૨૮,
રહે.સરેરા,તા.નયાગાંવ,જિ.ઉદેપુર(રાજસ્થાન),
(૨)દિલખુશભાઈ શાંતીલાલ કલાલ,ઉ.વ.૨૮,
(૩) શાંતીલાલ પ્રભુજી કલાલ,ઉ.વ.૫૫,
બંને રહે.ડબાચા,તા.નયાગાંવ,જિ.ઉદેપુર(રાજસ્થાન).

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૮૧
મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી,
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એન.બી.મીણા.

---

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ તા.૧૫/૦૬/૨૦૨૩ ના ક. ૦૦/૪૫ વાગે મોજે ભાણભેર પોલીસ પેક પોસ્ટ ગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની ક્રુજર ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ની અલગ અલગ બ્રાન્ડની છુટી બોટલો નંગ–૧૭૦ કિ.રૂ. ૩૩,૦૪૫/– તથા ક્રુજર ગાડી જેનો આર.ટી.ઓ.રજી. નંબર આરજે.૧૨.યુએ.૦૭૩૦ ની કિ.રૂ. ૨,૦૦,૦૦૦/– ની મળી કુલ કિ. રૂ. ૨,૩૩,૦૪૫/– નો પ્રોહી મુદામાલ ની હેરાફેરી દરમ્યાન પ્રોહી મુદ્દામાલ મુકી નાશી જઈ ગુન્હો કરી પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબનો આચરેલ.મજકુર બનાવની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ. પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૧૩ થી તહોમતનામું ફરમાવી આંક–૧૪ થી આંક–૧૬ થી નિવેદન લેતાં આરોપીઓએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>

આંક.૨૦ થી ફરીયાદી આ.હે.કો.ગીરીશકુમાર દિનેશભાઈની જુબાની

આંક ૨૧ થી ફરીયાદ

આંક.૨૫ થી પંચસાહેદ મનસુખભાઈ બાબુભાઈ અસોડાની જુબાની

આંક.૨૯ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંક.૩૦ થી ત.ક.અ.પો.સ.ઈ.હૈના દિનેશભાઈ શેલારની જુબાની

આંક.૩૧ થી સુચિપત્ર

આંક.૩૨ થી રવાનગી પત્રક

આંક.૩૩ થી પ્રોહી એકટ કલમ−૮૧ નો ઉમેરો કરવા નામ. કોર્ટમાં કરેલ યાદી

આંક.૪૫ થી પંચસાહેદ શૈલેષભાઈ દેવજીભાઈ જોષીયારાની જુબાની

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા,આરોપીઓનું ક્રિ.પ્રો.કોની કલમ ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીઓએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ તા.૧૫/૦૬/૨૦૨૩ ના ક. ૦૦/૪૫ વાગે મોજે ભાણભેર પોલીસ પેક પોસ્ટ ગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાના કબજાની ક્રુજર ગાડીમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ની અલગ અલગ બ્રાન્ડની છુટી બોટલો નંગ−૧૭૦ કિ.રૂ. ૩૩,૦૪૫/− તથા ક્રુજર ગાડી જેનો આર.ટી.ઓ.રજી. નંબર આરજે.૧૨.યુએ.૦૭૩૦ ની કિ.રૂ. ૨,૦૦,૦૦૦/− ની મળી કુલ કિ. રૂ. ૨,૩૩,૦૪૫/− નો પ્રોહી મુદામાલ ની હેરાફેરી દરમ્યાન પ્રોહી મુદ્દામાલ મુકી નાશી જઈ ગુન્હો કરી પ્રોહી એકટ કલમ− ૬૫(એ)(ઈ),૮૧,૮૩ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો

કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

(૧). મુદ્દા નંબર–૧: નકારમાં,

(૨). મુદ્દા નંબર –૨: આખરી હુકમ મુજબ.

// નિ ર્ણ ય અંગેના કારણો //

(૬) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક–૨૫ થી પંચસાહેદ મનસુખભાઈ બાબુભાઈ અસોડા તથા આંક–૪૫ થી પંચસાહેદ શૈલેષભાઈ દેવજીભાઈ જોષીયારાનાઓને તપાસવામાં આવેલ છે.સદર પંચસાહેદોએ તેમની જુબાની દરમિયાન આંક–૨૬ ના મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી.સદર પંચસાહેદોને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ. પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં પંચસાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા પંચસાહેદોની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પંચસાહેદોએ જણાવેલ છે કે,પોલીસે તેમની લખેલા કાગળમાં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી.

(૭) વધુમાં,ફરીયાદપક્ષ આંક–૨૦ થી ફરીયાદી આ.હે.કો. ગીરીશકુમાર દિનેશભાઈનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ અમો તથા પો.સ.ઈ.એચ.ડી.શેલારનાઓ સાથે આ.હે.કો. નલીનકુમાર બાબુભાઈ તથા ભિલોડા પો.સ્ટે.ના બીજા સ્ટાફના

માણસો સાથે ટોરડા ઓ.પી.વિસ્તારમાં ભાણમેર ચેક પોસ્ટ ઉપ વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન પો.સ.ઈ.સાહેબનાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ઝાંઝરી તરફથી ભાણમેર ગામ તરફ થઈ એક સીલ્વર કલરની ક્રુઝર ગાડી નંબર–ર–આર.જે.૧ર–યુ.એ.૦૭૩૦માં ચોરખાનુ બનાવી વિદેશી દારૂ લઈને પસાર થનાર છે ,જે આધારે પો.સ.ઈ. સાહેબનાઓએ બે પંચના માણસો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી,પંચો સાથે ઉભા હતા તે દરમ્યાન બાતમીવાળી ગાડી આવતા,ગાડીને હાથ મારતા સદરી ક્રુઝર ગાડીનો ચાલક પોતાની કબજાની ગાડી સ્થળ ઉપર મુકી ભાગવા લાગેલ જેને અમો પોલીસ માણસો તથા પંચોના માણસો પાછળ દોડી પકડવા જતા અંધારાનો લાભ લઈ ખુલ્લા કોતરોમાં ભાગી ગયેલ,જેથી સદરી ક્રૂઝર ગાડી પાસે જઈ પંચો રૂબરૂ બેટરીના અજવાળે જોતા સદર ગાડીની આગળ તથા પાછળના ભાગે આર.જે.૧ર.યુ.એ.૦૭૩૦ લખેલવાળી નંબર પ્લેટ લગાવેલ હતી અને સદરી ગાડીની પાછળની શીટની નીચે ચોરખાનુ બનાવેલ જણાઈ આવેલ તથા સદર ગાડીની વચલી શીટ તથા આગળની શીટ અંદર પંચો રૂબરૂ ખોલી જોતા ભારતીયબ નાવટનો વિદેશી દારૂની છુટી બોટલો જણાઈ આવેલ જે અવાવરૂ જગ્યા હોય અને અસુરો સમય હોય ગણવો હિતાવહ ન હોય,જેથી સદર ક્રુઝર ગાડી પ્રોહી મુદ્દામાલ સાથે પો.સ્ટે. લાવી બહાર કાઢી જોતા ભારતીય બનાવટના વિદેશી દારૂના અલગ અલગ બનાવટની છુટી બોટલો હોય જે પંચો રૂબરૂ ક્રુઝર ગાડીમાંથી બહાર કાઢી ગણી જોતા બોટલો ટીન નંગ–૧૭૦,કિ.રૂ.૩૩,૦૪૫/– નો મુદ્દામાલ મળી આવેલ જે તમામ મુદ્દામાલમાંથી નીચમનુસાર સેમ્પલ કાઢી લઈ વાહન તથા મુદ્દામાલ દારૂનો જથ્થો પો.સ.ઈ.એચ.ડી.શેલારનાઓએ પંચનામાની વિગતે કબજે કરેલ. આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ આપેલી.જે ફરીયાદની નકલ કોર્ટ રેકર્ડમાં

થી બતાવવમાં આવે છે,તેમાં મારી સહી છે,જે રજુ દાખલ આંક–૨૧ આપવામાં આવે છે.આરોપી ગેરહાજર છે. આરોપીને જોયે ઓળખી શકુ.આરોપીની ઓળખની તકરાર નથી.''

જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,''એ વાત ખરી છે કે,વાહન ચેકીંગમાં કેટલા વાગ્યા નીકળેલા તેનો સમય મારી ફરીયાદમાં જણાવેલો નથી. એ વાત ખરી છે કે ગાડીની માલીકીના આધાર પુરાવા મેળવેલા નહી.એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. ''

(૮) વધુમાં,ફરીયાદપક્ષે આંક–૩૦ થી ત.ક.અ.પો.સ.ઈ. હૈના દિનેશભાઈ શેલારનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૧૫/૦૬/૨૦૨૩ ના રોજ અમો ભિલોડા પો.સ્ટે.પો.સઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગુ.ર.નં. ૩૦૧/૨૦૨૩,પ્રોહી એકટ કલમ–૬૫ એઈ મુજબ ગુન્હો રજીસ્ટર કરી ભિલોડા પી.એસ.ઓ.શ્રી એ.એસ.આઈ. સુરેશભાઈ થાવરાભાઈનાઓએ સુચિપત્રમાં અમારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ જે અસલ સચિપત્ર રજુ દાખલ આંક–૩૧ આપવામાં આવે છે.સદર ગુનાના કામે આમોએ રેડ દરમચાન આરોપી જીતેન્દ્રભાઈ હકરાજી અસારી તથા દીલખુશ શાંતીલાલ તથા શાંતીલાલ પ્રભુજીનાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં પોતાની ક્રુઝર ગાડી નંબર–આર.જે.૧૨.યુ.એ.૦૭૩૦ માં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની છુટી બોટલો કુલ નંગ–૧૭૦ કિ.રૂા.૩૩,૦૪૫/– નો મુદ્દામાલ લઈને નીકળતા પકડાઈ જતા અમોએ મુદ્દામાલ દારૂ અને ગાડીને કબજે લઈ વિગતવારનુ પંચનામુ કરી લીધેલ જે આ કામે આંક–૨૬ થી રજુ છે.ત્યારબાદ અમોએ સદર ગુનાન કામે હાજર કર્મચારીઓના નિવેદન લીધેલ અને તપાસ માટે કબજે કરેલ દારૂના

સેમ્પલ એફ.એસ.એલ. રીપોર્ટ માટે એફ.એસ.એલ.માં મોકલી આપેલ જે અસલ રવાનગી પત્રક હું આજરોજ રજુ કરુ છુ જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૩૨ આપવામાં આવે છે. તયારબાદ સદર ગુનાના કામે આરોપી જીતેન્દ્ર હકરાજી અસારીનાઓનુ નિવેદન લેતા સહઆરોપી દીલખુશભાઈ શાંતીલાલ કલાલ તથા શાંતીલાલ પ્ર ભુજી કલાલનાઓ સહ આરોપી તરીકે જણાઈ આવતા સદર ગુનામાં પ્રોહી એકટ કલમ–૮૧ નો ઉમેરો કરવા  નામદાર કોર્ટમાં યાદી કરેલ જે યાદીમાં મારી સહી છે જે રજુ દાખલ આંક–૩૩ આપવામાં આવે છે. ત્યારબાદ આરોપીઓને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માટેની તજવીજ કરેલી અને આરોપીઓ વિરૂઘ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.હુ આરોપીઓને જોયે ઓળખુ છુ.હાજર હોય તો ઓળખી શકુ,જે નામદાર કોર્ટમાં હાજર નથી.''

જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે,હાલના આરોપીઓ પાસે કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. ''

(૯) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં,આ કામે પંચસાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક–૨૬  નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર  પંચો  રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપીઓ પાસેથી પોલીસે પંચો રુબરુ  મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૨૬ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદપક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદોના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં આંક–૨૨ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨) વધુમાં, નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the

said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૩) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે,સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે.આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપીઓ વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં.આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ,નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ,સદર કેસમાં ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપીઓ વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ,ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::-

(૧) આરોપી (૧)જીતેન્દ્રભાઈ હકરાજી અસારી,ઉ.વ.૨૮,

રહે.સરેરા,તા.નયાગાંવ,જિ.ઉદેપુર(રાજસ્થાન),(૨)દિલખુશભાઈ શાંતીલાલ કલાલ,ઉ.વ.૨૮,(૩) શાંતીલાલ પ્રભુજી કલાલ,ઉ.વ.૫૫, બંને રહે.ડબાચા, તા.નયાગાંવ,જિ.ઉદેપુર(રાજસ્થાન)નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૮૧,૮૩ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪ થી,માહે–મે,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:૦૪/૦૫/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084